હિંમતનગર જિલ્લા પંચાયતમાં સભ્યોની કર્મચારીઓ દ્વારા અવગણના

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસનું શાસન હોવા છતાં ચૂંટાયેલા પદાધિકારીઓને અધિકારીઓ અને કર્મચારીઓ ગાંઠતા નથી. જે અંગે ખુદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખે નારાજગી દર્શાવી ગુરૂવારે મળેલી સામાન્ય સભામાં પુછેલા પ્રશ્નનો જવાબ માંગ્યો હતો. જેના કારણે એવી છાપ ઉપસી છે કે જો પદાધિકારીઓને સરકારી કર્મચારીઓ ગાંઠતા ન હોય તો આમ પ્રજાની શી વલે થતી હશે તે સમજી શકાય તેમ છે.

આ અંગેની વિગત એવી છે કે ગુરૂવારે જિલ્લા પંચાયતની સામાન્ય સભાની કાર્યવાહી શરૂ થાય તે પહેલા તમામ પદાધિકારીઓ નવા સર્કીટહાઉસમાં ભેગા થયા હતા. જ્યાં ગમે તે કારણોસર અંદરોઅંદર થયેલી ચર્ચા બાદ એકદમ ગરમાવો આવી ગયો હતો. જો કે ગમે તે કારણસર આ વાત બહાર જાય નહી તેવો સુર વ્યક્ત થતા કોંગ્રેસના ચૂંટાયેલા સભ્યો લાલગુમ થઈને પોતાના વાહનોમાં બેસી જિલ્લા પંચાયત ભવન જવા માટે રવાના થઈ ગયા હતા.

તો બીજી તરફ જિલ્લા પંચાયતના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પદાધિકારીઓની સતત અવગણના થતી હોવાની લાગણી અનુભવીને જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ નેતાભાઈ સોલંકીએ એવો પ્રશ્ન પુછ્યો હતો કે જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવતા કાર્યક્રમો માં પદાધિકારીઓની અવગણના કેમ કરવામાં આવે છે તથા કાર્યક્રમોમાં તેમના નામનો ઉલ્લેખ સુદ્ધા કરવામાં આવતો નથી. અને અધિકારીઓ તથા કર્મચારીઓ પોતાની મનમાની ચલાવે છે. તથા આવા જાહેર કાર્યક્રમો ખાનગી સ્થળને બદલે જાહેર સ્થળે રાખવા માટે પણ પુછ્યુ હતુ.

જેના જવાબમાં અધિકારીઓ દ્વારા રૂટીંગ જવાબ આપી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જો જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારીઓને અધિકારીઓ અને કર્મચારીઓ ગાંઠતા ન હોય તો જિલ્લા પંચાયતમાં કામ અર્થે આવતા સામાન્ય અરજદારના કામ કેવી રીતે થતા હશે તે સમજી શકાય તેમ છે. જિલ્લા પંચાયતમાં આવેલ શિક્ષણ, આરોગ્ય, બાંધકામ સહિતના અન્ય વિભાગોમાં કામ અર્થે આવતા અરજદારો જો અધિકારી કે કર્મચારીને નૈવેધ ધર્યા સીવાય થતુ નથી. તે જગજાહેર છે જો કે વિરોધ પક્ષના સભ્યો પણ પોતાના કામ કઢાવવા માટે હવે તો માહેર બની ગયો હોવાની ચર્ચા ચાલે છે.

આકાશમાં વિહરતાં પક્ષીઓમાં અજબ-ગજબની સમુહ ભાવના હોય છે. ખુલ્લા આકાશમાં આમથી તેમ ઉંચે ઉડતા પક્ષીઓમાં ગજબની કુદરતી શક્તિ હોય છે. જ્યાં પણ કોઈ પણ વ્યક્તિ ચણ નાખે ત્યારે એક પછી એક પક્ષીઓનો મોટા સમુહ સાથે ચણ ચણતા હોય છે. સમુહ ભાવનાનું દ્રશ્ય પક્ષીઓમાં જોવા મળ્યું હતું. શાંતિ પ્રતિક સમા કબુતરો મોટી સંખ્યામાં એકત્રીત થઈ ચણ ચણતા જોવા મળતાં અનેરૂ દ્રશ્ય પ્રગટ્યું હતું.

પ્રાંતિજ ખાતે ફોર્મ ભરવા ઉમેદવારોની મામલતદાર કચેરીએ લાઈનો લાગી

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતમાં વિવિધ સ્થળોએ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ રહી છે. ત્યારે પ્રાંતિજ મામલતદાર કચેરીએ પણ પ્રાંતિજ તાલુકામાં યોજાનાર સરપંચની ચૂંટણીને લઈને ઉમેદવારોએ ટેકેદારો સાથે ઉમેદવારી ફોર્મ ભરી ચૂંટણી પ્રક્રિયાના શ્રી ગણેશ કર્યા હતા. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે ઉમેદવારોની ભીડ જોવા મળી હતી અને ગામમાં પ્રથમ નાગરિક તરીકે સરપંચ માટેનું ઉમેદવારી ફોર્મ ભરવા પ્રાંતિજ તાલુકાના ગામોમાંથી ઉમેદવારો પોતાના ટેકેદારો સાથે પ્રથમ દિવસે જ ફોર્મ ભરવા માટે અને ગામમાં સરપંચ માટેની ઉમેદવારી નોંધાવવા ઉમેદવારો વિધિસરના ટેકેદારો સાથે ઉમેદવારી નોંધાવીને શ્રી ગણેશ કર્યા છે. હજુ શનિવાર સુધી ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવશે.

થરાદના ડોડ ગામના યુવકે કેનાલમાં મોતની છલાંગ લગાવી

થરાદમાં રોજની છાસ વારે વધતી જતી આત્મહત્યાની ઘટનાઓમાં એક વધુ ઘટના ઘટી થરાદ તાલુકાના ડોડ ગામના કુંરા ભાઈ નભાભાઈ દલિત નામના યુવકે મોતની છલાંગ લગાવી મોતને વ્હાલું કર્યું

થરાદ અને વાવ તાલુકાની પ્રજામાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાથી અહીંની પ્રજામાં આત્મહત્યાના કેસો વધી રહ્યા છે એમાં થરાદ વાવ પંથક માંથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલ આ સરહદી વિસ્તારના લોકોને પીવાના અને ખેતી કરવાના પાણી માટે ઉપયોગ થાયછે એના કરતાં પણ લોકોને મરવા માટેનો તાત્કાલિક મોત માટે ખાસ ઉપયોગ થાય છે તેમાં હજી થોડા દિવસ પહેલા એક ખાનપુરના યુવકે મોતની છલાંગ લગાવીને મોતને વ્હાલું કર્યા બાદ બે દિવસ અગાઉ થરાદના ભોરોલ ગામના યુવકે કેનાલમાં મોતની છલાંગ લગાવી હતી થરાદમાં રોજની વધતી જતી આત્મહત્યાની ઘટનાઓમાં થરાદના ભોરલ ગામના યુવકે મોતની છલાંગ લગાવી હતી જોકે કેનાલમાં પડતા લોકો દેખી જતાં તેને બચાવી લેવાયો હતો.

આજ રોજ ફરી ડોડગામના કુંરાભાઈ નભાભાઈ દલિત ઉ.વ.૨૫ જેમણે થરાદથી વાવ જવાના રસ્તે વચ્ચે આવતા નર્મદાના પુલ જોડેથી તેનો ફોન મળી આવતાં પરિવારજનોને તે કેનાલ માં પડ્યો હોવાની શંકા જતાં તરત નગર પાલિકા ના તરવૈયા સુલતાન મીરને જાણ કરતાં તરવૈયા સુલતાન મીર દોડી આવ્યા હતા અને ચાર કલાક ની ભારે જહેમત બાદ લાશને બહાર કાઢી તેમના પરિવાર ને સોંપી હતી જોકે મૃતકની પત્નીનું ગતરોજ કુદરતી અવસાન થયા બાદ આજ કુંરાભાઈની આત્મહત્યાથી પરિવારજનો માથે તો આભ તૂટી પડ્યુ છે. જોકે આ ઘટનાઓને સરકાર ધ્યાને લઈને કેનાલના ઉપરના ભાગે જાળી લગાવી તો આ ઘટનાઓ ઓછી થઈ શકે છે.

મોદી સાથે ક્યારે વાત ન થઇ હોવાનો જેસીપી ભટ્ટનો દાવો

પ્રવિણ તોગડિયાના આક્ષેપોને ફગાવી દીધા : નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને આજે વડાપ્રધાન છે ત્યારે પણ મારે તેમની સાથે વાત નથી થઇ

અમદાવાદ,તા.૧૮

વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય કાર્યાધ્યક્ષ ડો.પ્રવીણ તોગડિયાએ શહેર ક્રાઇમ બ્રાંચના જોઇન્ટ પોલીસ કમિશનર જે.કે.ભટ્ટ કરેલા સનસનીખેજ આક્ષેપો અને દિલ્હીના તેમના પોલીટીકલ બોસના ઇશારે કામગીરી કરી રહ્યા હોવાના સીધા આરોપ અંગે આજે ક્રાઇમ બ્રાંચના જેસીપી જે.કે.ભટ્ટે સાફ શબ્દોમાં ખંડન કર્યું હતું. જે.કે.ભટ્ટે દાવો કર્યો હતો કે, નરેન્દ્ર મોદી સાથે તેમની ક્યારેય વાત થઇ નથી. એટલે સુધી કે, તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને હાલ તેઓ દેશના વડાપ્રધાન છે ત્યારે પણ તેઓ સાથે તેમની વાત થઇ નથી. ડો.પ્રવીણ તોગડિયાને ગઇકાલે હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ક્રાઇમબ્રાંચ અને તેના જેસીપી જે.કે.ભટ્ટ પર સીધા આક્ષેપ કર્યા હતા, જેને લઈને જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો.

ડો.તોગડિયાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આ તો ક્રાઇમબ્રાંચ છે કે, કોન્સ્પીરસી બ્રાંચ? જે.કે.ભટ્ટ દિલ્હીના તેમના પોલિટીકલ બોસના ઇશારે મને અને મારા કાર્યકરોને હેરાન કરી રહ્યા છે. વડાપ્રધાન મોદી સાથે ફોન પર વાત કરી સતત સંપર્કમાં હોવાનો સીધો આરોપ પણ તોગડિયાએ લગાવી આ સમગ્ર મામલે ન્યાયિક તપાસની માંગ કરી હતી. તોગડિયાએ સમગ્ર મામલામાં તપાસની માંગ કરતાં ગુજરાત સરકારને જણાવ્યું હતું કે, જે.કે.ભટ્ટે છેલ્લા પંદર દિવસમાં વડાપ્રધાન સાથે કેટલી વખત વાત કરી તેની વિગતો અને ફોનકોલ્સની ડિટેઇલ્સ જાહેર કરવામાં આવે. જે.કે.ભટ્ટ દિલ્હીના તેમના પોલિટીકલ બોસના ઇશારે તેમને અને તેમના દેશભક્ત કાર્યકરોને હેરાન કરી રહ્યા છે. જે.કે.ભટ્ટ દિલ્હીના બોસના ઇશારે કાયદો હાથમાં લઇ રહ્યા છે. જે.કે.ભટ્ટે જ દિવાળીના દિવસે વીએચપીના પ્રદેશ મંત્રી અશ્વિન પટેલની સીએમના ઇશારે ખોટી ધરપકડ કરી હતી, આજે એ જ જે.કે.ભટ્ટ પ્રવીણ તોગડિયાની ઇજ્જત પર હાથ નાંખી રહ્યા છે, મારો સીધો આરોપ છે કે, તે સતત વડાપ્રધાનના સંપર્કમાં છે અને મારી રાજયના મુખ્યમંત્રી સમક્ષ માંગ છે કે, ભટ્ટના ફોનકોલ્સની ડિટેઇલ્સ જાહેર સાર્વત્રિક કરવામાં આવે.

ડો.તોગડિયાના આ આક્ષેપોને આજે ક્રાઇમબ્રાંચના જોઇન્ટ પોલીસ કમિશનર જે.કે.ભટ્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવતાં જણાવ્યું હતું કે, ડો.તોગડિયાના આક્ષેપોમાં કોઇ તથ્ય નથી. ભટ્ટે સ્પષ્ટ કર્યું હતું, તેમની નરેન્દ્ર મોદી સાથે કયારેય વાત નથી થઇ. મોદી રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે પણ અને હાલ દેશના વડાપ્રધાન છે ત્યારે પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પણ તેમની સાથે મારી વાત થઇ નથી. આમ કહી, જે.કે.ભટ્ટે ડો.તોગડિયાના આક્ષેપોનું ખંડન કર્યું હતું.

પ્રાંતિજના તાજપુર ખાતે સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે વાર્ષિકોત્સવ

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર ખાતે આવેલ

તાજપુર કેળવણી મંડળ સંચાલિત તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે વાર્ષિકોત્સવ ૨૦૧૮ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લઈ આવનાર મહેમાનો સહિત વાલીઓ પ્રક્ષકોના દિલ જીતી લીધા હતા.

તાજપુર ખાતે આવેલ કેળવણી મંડળ સંચાલિત તાજપુર વિભાગીય સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ શાળા સંકુલમાં વાર્ષિકોત્સવ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને બહારથી આવતા મહેમાનોના વાલીઓ તથા પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા. શાળામાં વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમોમાં વિજય થયેલ વિદ્યાર્થીઓને અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને આવેલ મહેમાનો દ્વારા ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે પ્રાંતિજ પીઆઈ આર.જે. ચાવડા, એડવોકેટ જમનાદાસભાઈ, મંડળના પ્રમુખ જયેશભાઈ પટેલ, મંત્રી મંગળદાસભાઈ ચૌધરી, કુબેરસિંગ મંડળના સભ્યો શાળાના આચાર્ય વિક્રમભાઈ પટેલ સહિત શાળા સ્ટાફ તથા ગામજનો વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

પ્રાંતિજ ત્રણ રસ્તા પાસે રાત્રીના સમયે બે ટ્રક વચ્ચે અકસ્માત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ પર ત્રણ રસ્તા પાસે રાત્રીના સમયે ધડાકા સાથે બે ટ્રક વચ્ચે સામસામે અથડાતા એકને ગંભીર ઈજાઓ પહોચતા પહેલા પ્રાંતિજ વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ત્રણ રસ્તા ખાતે હિંમતનગરથી આવતી ટ્રક નંબર-આરજે.૦૯. જીબી. ૨૬૮૬ તથા અમદાવાદ રોડ ઉપર આવતી ટ્રક નંબર-જીજે.૯ઝેડ. ૮૫૮૭ પ્રાંતિજ તરફ અંદર જતી ટ્રક વચ્ચે રાત્રીના સમયે ધડાકા સાથે અકસ્માત સર્જાતા હિંમતનગર આવતી ટ્રક ત્રણ રસ્તા હાઈવેની સાઈડમાં બનાવેલ ત્રિકોણ પીકઅપ સ્ટેન્ડ ચોકડી તોડીને બહાર નિકળી ગયો હતો તો અમદાવાદ રોડ ઉપરથી આવતી ટ્રક પણ અકસ્માત બાદ ફરી અમદાવાદ તરફ થઈ રોડની વચ્ચે આવેલ ડીવાઈડર તોડી અંદર ઘુસી ગઈ હતી. અમદાવાદ રોડ ઉપરથી આવતી ટ્રકના કંડકટર

માધુસિંહ વેતસિંહ ઝાલા ઉ.વર્ષ આશરે-૪૦ને શરીરે તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેમણે ૧૦૮ મારફતે પહેલાં પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાં હાજર તબીબો ડૉ. પ્રણામી દ્વારા પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયારે અકસ્માત એટલો બધો ભયાનક હતો કે જો રાત્રીના બદલે દિવસે સર્જાયો હોત તો બસની રાહ જોતા અનેક રોજીંદા મુસાફરો સહિતના કેટલાય મુસાફરોનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હોત. આ બાબતે તંત્રમાં સ્થાનિકો રહીશો દ્વારા અનેકવાર રજુઆત કરવામાં આવી છે.

ભાવુક બન્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમાવેશ થયો હતો. ૪૦ સભ્યોની આ ટીમમાં માર્ગ મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર જતીન ઓઝાએ કાર્યયોજના અંગે માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. સમગ્ર દાંડી કુટીર તૈયાર કરવાની કામગીરી અંગે અહેવાલ આપ્યો હતો. દાંડી કુટીર નિહાળી આ પ્રતિનિધિઓ પ્રભાવિત થયા હતા. જયારે ગાંધીજીના જીવનને તાદ્રશ્ય બયાન કરતા પ્રેરણાદાયી આ મ્યુઝિયમને નિહાળી ભાવુક પણ થયા હતા. નોર્થ અમેરિકાના પ્રતિનિધિએ હવાઈ આઈલેન્ડનુ મીઠુ પણ પ્રતિકરૂપે સોલ્ટમાઉન્ટને અર્પણ કર્યુ હતુ. મહાત્મા મંદિરના પ્રોજેકટ અન્વયે દાંડી કુટીરનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. દાંડી કુટીર નિહાળવા માટે અત્યાર સુધી દેશ વિદેશના અનેક મુલાકાતીઓએ ગાંધીનગરની મુલાકાત લીધી છે. ત્યારે વિશ્વ શાંતિ મંડળના પ્રતિનિધિઓ માટે પણ દાંડી કુટીરની મુલાકાત વિશેષ યાદગાર રહી હોવાનુ પણ તેમણે જણાંવ્યુ હતુ.

૪૦૦ નીલગાય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘણીવાર જાનલેવા અકસ્માત થતા હોવાનુ પણ પ્રકાશમાં આવ્યુ છે. એટલુ જ નહીં પરંતુ વનઆરક્ષિત જગ્યામાં પણ નીલગાયનો અડ્ડો હોવાના લીધે નવા રોપાઓની વાવણી અને ઉછેર સામે પણ ખતરો મંડરાયો છે. નીલગાય હરિયાળી માટે પણ નુકશાનકારક પુરવાર થઈ છે. ત્યારે નીલગાયના આ ત્રાસમાંથી છુટકારો મેળવવા માટે વનતંત્રએ પણ માથુ ખંજવાળવાનો વારો આવ્યો છે. થોડા સમય અગાઉ વનવિભાગના ઉચ્ચ અધિકારીઓની મળેલી બેઠક દરમિયાન પણ નીલગાયના ત્રાસને નિવારવા વરૂની સંખ્યા વધારવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. પરંતુ શહેરી વિસ્તારમાં વરૂ માનવ માટે પણ ગમે ત્યારે ખતરારૂપ થાય તેમ હોવાથી સમસ્યાનો હલ આવી શકયો નથી. રાજયના પાટનગરને પણ નીલગાયનો આતંક ભરખી ગયો છે. શહેરના ૧ થી ૩૦ સેકટરોમાં જ ૪૦૦ જેટલી નીલગાયો રખડતી હોવાનો અંદાજ છે. જેમાં બારીજ અને ઈન્દ્રોડા જેવા ગામોના નદીના કોતર વિસ્તારમાં પણ નીલગાયના ટોળા હોવાનુ ધ્યાને આવ્યુ છે. શહેરના સે-૮ માં પણ મુખ્ય ચ માર્ગને અડીને વન આરક્ષિત જગ્યામાં પણ નીલગાય દોડતી નજરે પડે છે. જેના લીધે આસપાસના રહેણાંક વિસ્તાર સહીત પૈડા પર દોડતી જિન્દગી ખતરામાં છે. શહેરમાં રખડતા ઢોરની સમસ્યા દાયકાઓના અંતે પણ હલ થઈ શકી નથી. ત્યારે નીલગાયને પણ શહેરી વિસ્તારથી દુર કરવાનુ કામ વનતંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે.

વધુ ખર્ચ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જન વિકલ્પના કરણસિંહ વાઘેલાએ ૬,૨૪,૯૬૭ રૂ.નો ખર્ચ કર્યો હતો. આમ આદમી પાર્ટીના ગુણવંતભાઈ પટેલે રૂ. ૩,૫૧,૫૬૦નો ખર્ચ કર્યો હતો. બીએસપીના ઉમેદવાર ગોવિંદભાઈ રાઠોડે રૂ. ૨,૫૫,૨૪૬નો ખર્ચ કર્યો હતો.

જિલ્લામાં રસપ્રદ બનેલ માણસા બેઠક પરના જંગમાં ભાજપના ઉમેદવાર અમીતભાઈ ચૌધરીએ રૂ. ૧૬,૦૨,૮૩૩નો ખર્ચ કર્યો હતો જ્યારે કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ પટેલે રૂ. ૧૧,૫૨,૬૪૬નો ખર્ચ કર્યો હતો. દહેગામ બેઠક પર ભાજપના ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણે રૂ. ૧૫,૨૯,૧૩૩નો ખર્ચ કર્યો હતો જ્યારે કોંગીના કામિની બા રાઠોડે રૂ. ૧૬,૬૦,૩૪૫નો કર્ચ કર્યો હતો.

કલોલમાં ભાજપના ઉમેદવાર ડૉ. અતુલ પટેલે રૂ. ૧૫,૧૮,૩૭૧નો ખર્ચ કર્યો હતો તો કોંગીના બળદેવજી ઠાકોરે રૂ. ૧૦,૯૧,૯૫૧નો ખર્ચ કર્યો હતો. આ બેઠક પર એનસીપીના કરશનજી ઠાકોરે પણ રૂ. ૨,૦૯,૫૫૩નો ખર્ચ કર્યો હતો. જિલ્લામાં સૌથી ઓછો ખર્ચ માણસાના અપક્ષ ઉમેદવાર પરપોત્તમભાઈ પરમારે રૂ. ૯,૯૫૦નો ખર્ચ કર્યો છે.

જિલ્લામાં ભાજપના ઉમેદવારોએ રૂ. ૮૬,૪૦,૫૪૪નો ખર્ચ કરેલ છે જ્યારે કોંગ્રેસના ઉમેદવારોએ રૂ. ૭૭,૭૪,૯૯૮નો ખર્ચ કરેલ છે. આમ બન્ને મુખ્ય સ્પર્ધક પક્ષોએ જ રૂ. ૧,૬૪,૧૫,૫૪૨નો ખર્ચ કર્યો છે.

સફળ પરીક્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ આના ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે. અંતિમ ટેસ્ટ ૨૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે કરાયું હતું તે પહેલા ૧૯મી એપ્રિલ ૨૦૧૨ના દિવસે પ્રથમ પરીક્ષણ, ૧૫મી સપ્ટેમ્બર ૨૦૧૩ના દિવસે બીજુ પરીક્ષણ અને ૩૧મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ત્રીજુ પરીક્ષણ કરાયું હતું. પરીક્ષણ માટે નક્કી કરવામાં આવેલા તમામ ધારાધોરણ મુજબ આ મિસાઈલ ટેસ્ટમાં પાર ઉતરતા ખુશીનુ મોજુ ફરી વળ્યુ છે. અત્રે નોંધનીય છે કે ૨૬મી ડિસેમ્બર ૨૦૧૬ના દિવસે અગ્નિ-૫ મિસાઈલનુ છેલ્લી વખત પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. એ વખતે ચોથા અને અંતિમ પ્રાયોગિક પરીક્ષણ હોવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ૬ણ સ્ટેજમાં મિસાઈલ છે. આ મિસાઈલ ૫૦ ટનનુ વજન ધરાવે છે. એપ્રિલ ૨૦૧૨માં ૧૭ મીટર લાંબી અગ્નિ-૫ મિસાઈલનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ક્રમશ જાન્યુઆરી ૨૦૧૫ અને ડિસેમ્બર ૨૦૧૬માં પણ તેનુ પરીક્ષણ કરવામાં આવ્યુ હતુ. અગ્નિ-૫ એક વખતે સામેલ થઈ ગયા બાદ ભારત એવા દેશોની યાદીમાં જોડાઈ જશે જે દેશોની પાસે આ પ્રકારની મિસાઈલ છે. જેની રેંજ ૫૦૦૦-૫૫૦૦ કરતા વધારે છે. આવી મિસાઈલ ધરાવનાર દેશોમાં અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ અને બ્રિટનનો સમાવેશ થાય છે. ભારત પાસે તેના શસ્ત્રાગારમાં અન્ય ઘાતક હથિયારો છે. જેમાં ટુંકા રેંજની પૃથ્વી અને ધનુષ મિસાઈલ સામેલ છે. સ્ટ્રેટેજિક ફોર્સ કમાન્ડમાં અગ્નિ-૧, અગ્નિ-૨, અગ્નિ-૩ મિસાઈલ પહેલાથી જ સામેલ કરવામાં આવી ચુકી છે. આ મિસાઈલ પાકિસ્તાનને ટાર્ગેટ રાખીને તૈયાર કરાઈ છે. જ્યારે અગ્નિ-૪ અને પાંચ ચીનને રોકવા માટે તૈયાર કરવામાં આવી છે. ભારત પાસે અન્ય ઘાતક મિસાઈલ પણ છે.

ચૂંટણી જાહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પડકાર સમાન છે. ભાજપ માટે અહીં સરકાર બનાવવાની બાબત સરળ નથી. છેલ્લા બે દશકથી માણેક સરકારના નેતૃત્વમાં સીપીએમ અહીં સત્તા ઉપર છે. ૬૦ સીટોની વિધાનસભામાં ભાજપ તમામ તાકાત સાથે મેદાનમાં ઉતર રહી છે. ૨૦૧૩ ચૂંટણીમાં સીપીએમને ૪૯ સીટો મળી હતી જ્યારે કોંગ્રેસને ૧૦ સીટો મળી હતી. સીપીએમના કારણે કોંગ્રેસ પાર્ટી હવે ફેંકાઈ ગઈ છે. આ વખતે ભાજપની સીધી ટક્કર ડાબેરીઓ સાથે દેખાઈ રહી છે. નાગાલેન્ડમાં પણ પીપલ્સ ફ્રંટને લઈને રાજકીય ગણતરી ચાલી રહી છે. નાગાલેન્ડમાં વિધાનસભાની ૬૦ સીટો છે. નાગા પીપલ્સ ફ્રંટના સમર્થનથી ભાજપની સરકાર ચાલી રહી છે. નાગાલેન્ડમાં એનડીએની સરકાર રહે તેવા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ક્રિકેટર ઓફ ધ ચર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બનાવ્યા છે. બીજી વખત આવું બન્યુ છે જ્યારે કોઈ ભારતીય ક્રિકેટરને ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ મળ્યો છે. ગયા વર્ષે અશ્વિનને આ એવોર્ડ મળ્યો હતો. ટેસ્ટ ક્રિકેટર ઓફ દ યરનો એવોર્ડ સ્ટીવ સ્મિથના નામે રહ્યો છે. સ્ટિવ સ્મિથે ૧૬ ટેસ્ટ મેચોમાં સૌથી વધારે ૧૮૭૫ રન કર્યા છે. તેની સરેરાશ ૭૮.૧૨ રનની રહી છે. આ ગાળા દરમિયાન સ્ટીવ સ્મિથ આઠ સદી અને પાંચ અડધી સદી બનાવી છે. આઈસીસી વનડે ટીમમાં ડેવિડ વોર્નર, રોહિત શર્મા, વિરાટ કોહલી, બાબર આઝમ, ડિવિલિયર્સ, ડીકોક, બેનસ્ટોક, ટ્રેન્ટ બોલ્ટ, રશીદ ખાન, જસપ્રિત બુમરાહનો સમાવેશ ખરાયો છે. જ્યારે ટેસ્ટ ટીમમાં એલ્ગર, વોર્નર, કોહલી, સ્મિથ, પુજારા, બેનસ્ટોક, ડીકોક, અશ્વિન, સ્ટાર્ક, રબાડા અને એન્ડરસનનો સમાવેશ કરાયો છે.

લીલીઝંડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસે ફિલ્મ રજૂ થશે. આ ફિલ્મમાં દિપીકાની સાથે શાહીદ કપૂર મુખ્ય ભૂમિકામાં છે. આ અગાઉ પણ બે વખત સુપ્રીમ કોર્ટે ફિલ્મના પ્રદર્શન ઉપર પ્રતિબંધ મુકવા માટેના પ્રયાસ નિષ્ફળ કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે, સેન્સર બોર્ડના નિર્ણયથી પહેલા ફિલ્મના સંબંધમાં કોઈ અભિપ્રાય આપી શકાય નહીં. મોડેથી સેન્સર બોર્ડે પણ ફિલ્મની રજૂઆતને લીલીઝંડી આપી હતી. ભણશાલીની આ ફિલ્મને લઈને રાજપૂત સમુદાયે વિરોધ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે ગયા વર્ષે ૨૮મી નવેમ્બરના દિવસે ફિલ્મની રજૂઆતને લઈને રાજકીય પક્ષોના નિવેદન સામે નારાજગી વ્યક્ત કરી હતી. આ ફિલ્મ ૧૩મી સદીમાં મેવાડના મહારાજા રતનસિંહ અને તેમની સેના તથા દિલ્હીમાં સુલ્તાન અલાઉદ્દીન ખિલજી વચ્ચે થયેલા ઐતિહાસિક યુદ્ધ ઉપર આધારિત છે. ફિલ્મના સેટ ઉપર જેતપુર અને કોલ્હાપુરમાં તોડફોડ કરવામાં આવી હતી. ફિલ્મના નિર્દેશ સંજય લીલા સાથે પણ એ વખતે કરણી સેનાના લોકોએ મારામારી કરી હતી. બીજી બાજુ સુપ્રીમ કોર્ટમાં આજે જોરદાર તર્કદાર દલીલો થઈ હતી. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, ફિલ્મ દર્શાવતી વેળા શાંતિ જાળવવાની રાજ્યોની જવાબદારી છે.

ચક્કાજામ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત એ શાંતિપ્રિય રાજય છે અને આપણે સૌકોઈએ શાંતિ જાળવવાની ફરજ છે. સુપ્રીમકોર્ટે પદ્માવત ફિલ્મના રિલીઝ અંગે જે ચુકાદો આપ્યો છે તેનો અભ્યાસ કર્યા બાદ ગુજરાત સરકાર આગળનો નિર્ણય કરશે. સુપ્રીમકોર્ટે જે વચગાળાનો સ્ટે આપ્યો છે તે મુદ્દે પણ ખાસ અભ્યાસ કરી યોગ્ય નિર્ણય કરીશું. જો કે, ત્યાં સુધી રાજપૂત સમાજ અને કરણી સેનાએ રાજયમાં શાંતિ જાળવવી જોઈએ તેવી મારી જાહેર અપીલ છે. પદ્માવત ફિલ્મ રિલીઝની સુપ્રીમકોર્ટે લીલીઝંડી આપી દેતાં રાજપૂત સમાજ ખાસ કરીને કરણી સેનાના સેંકડો કાર્યકરો અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં રસ્તાઓ પર ઉમટી આવ્યા હતા અને ફિલ્મના રિલીઝ સામે વિરોધ કર્યો હતો. અમદાવાદમાં બાવળા-બગોદરા હાઈવે પર કરણી સેના અને રાજપૂત સમાજના સેંકડો કાર્યકરો ઉમટી પડયા હતા અને હાઈવે પર જાહેરમાં માર્ગમાં વચ્ચોવચ્ચ મોટા ટાયરો સળગાવી રોડ બ્લોક કરી દીધા હતા અને ટ્રાફિક ચક્કાજામ કરી નાંખ્યો હતો. કરણી સેના અને રાજપૂત સમાજે સાફ ચીમકી ઉચ્ચારી હતી કે, રાણી પદ્માવતીના ઈતિહાસ અને પાત્ર સાથે તોડમરોડ કરી છેડછાડ કરી પૈસા કમાવવાના આશયથી રજૂ થઈ રહેલી આવી ફિલ્મને કોઈપણ સંજોગોમાં અમે રિલીઝ નહી થવા દઈએ. જો ફિલ્મ રિલીઝ થશે તો, રાજપૂત સમાજ અને કરણી સેના આંદોલન કરશે.